**<u>GUJARAT BILL NO. 6 OF 2024</u>.**

# THE GUJARAT PROHIBITION (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to amend the Gujarat Prohibition Act, 1949.*

<u>સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬ .</u>

## ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪.

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૯ નો મુંબઇનો ૨૫ મો.

સન ૧૯૪૯ ના મુંબઇના ૨૫ મા અધિનિયમ ની કલમ ૯૮ નો સુધારો.

૨. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં, કલમ ૯૮માં, પેટા-કલમ (૨)માં, પરંતુકમાં “ પણ જપ્ત થયેલા દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહિ ” એ શબ્દોને બદલે, “અને જપ્ત થયેલો દારૂનો જથ્થો, ઠરાવવામાં આવે તેટલા જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટની પરવાનગી સાથે, ઠરાવવામાં આવે તે રીતે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલા, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનની હરાજી કરી શકાશે અને આવા કિસ્સામાં, નાયબ પોલીસ અધીક્ષક, આવી હરાજી માટેના સક્ષમ સત્તાધિકારી રહેશે ” એ શબ્દો, અક્ષર અને કૌંસ મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૯૮ ની પેટા-કલમ (૨) ની વિદ્યમાન જોગવાઇથી, કોઇ કેફી પદાર્થ, ભાંગ-ગાંજા, મહુડાં વગેરે લઇ જતા પશુ, ગાડાં, વહાણો અથવા બીજા વાહનો જેવી વસ્તુઓને સરકાર દાખલ કરવા માટેની અને જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય, ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી, બોન્ડ અથવા જામીન પર તેને મુક્ત કરી શકાશે નહિ તે માટેની જોગવાઇ કરી છે. આ સંદર્ભમાં, આ રીતે સરકાર દાખલ કરેલા વાહનો માલિકોને પરત કરી શકાતા નથી અને તે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ સ્ટેશન અથવા કોર્ટ કંપાઉન્ડમાં વણવપરાયેલા પડી રહે છે અને આ સંજોગોમાં, વાહનોની સ્થિતિ બગડી જાય છે.

આ પરિસ્થિતિને હલ કરવા માટે, રાજ્ય સરકારને, સદરહુ પેટા-કલમ (૨) સુધારવાનું જરૂરી જણાયું છે જેથી કરીને હરાજી મારફતે આવા વાહનોનો નિકાલ કરી શકાય. વિધેયકની કલમ ૨ થી, તે માટેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

હર્ષ સંઘવી ,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.- આ કલમથી સુધારવા ધારેલી, કલમ ૯૮ની પેટા-કલમ (૨) થી, રાજય સરકારને, જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય, ત્યારે  કોર્ટની પરવાનગી સાથે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલા જે રીતે નાયબ પોલીસ અધીક્ષક દ્વારા સરકાર દાખલ કરેલા વાહનોની હરાજી કરી શકાશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, જપ્ત થયેલો દારૂનો જથ્થો વધી જાય તે કિસ્સામાં જે રીતે, વાહન, સરકાર દાખલ કરવામાં આવશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા પણ મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૩ મી ફેબ્રુઆરી, ૨૦૨૪. હર્ષ સંઘવી.

## પુરવણી

## ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૨૫ મા) માંથી ઉતારા.

---

રાજ્યસાત થવાને પાત્ર વસ્તુઓ.

૯૮. (૧) XXX XXX XXX

(૨) પેટા-કલમ (૧) અન્વયે રાજ્યસાત થવાને પાત્ર કોઇપણ ચીજ જેમાં મળી આવે તે કોઇપણ વાસણ, દાગીનો અથવા આચ્છાદન અને આવા પાત્ર, દાગીના અથવા આચ્છાદનમાંની બીજી ચીજો, અને એવી કોઇપણ ચીજ લઇ જવામાં વપરાયેલાં પશુ, ગાડાં, વહાણો અથવા બીજા સાધનો પણ તે જ રીતે ન્યાયાલયના આદેશથી રાજ્યસાત થવાને પાત્ર થશે. પણ જપ્ત થયેલા દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહિ .

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬ .]

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી ,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૩ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,

ગુજરાત વિધાનસભા.